R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

વેબ સાઇટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

(મો)૯૮૨૫૧૬૯૩૮૬
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

YEAR-25 • ISSUE: 44/45 DATE: 05-11-2016• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One •YERLY-SUB:Rs. 60/

(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( ) -ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## પ્રેરણા ટ્રસ્ટના નેજા હેઠળ કરોડોનું કૌભાડ આચરવાના કેસમાં કર્ણાટકના ભાજપના માજી મુખ્યમંત્રી યેદિયુરપ્પા નિર્દોષ છુટ્યા

ભાજપના વરિષ્ઠ નેતા અને કર્ણાટકના ભુતપુર્વ મુખ્યમંત્રી બી.એસ યેદુરપ્પાને કોર્ટે નિર્દોષ ઠરાવ્યા છે.સીબીઆઈની વિશેષ અદાલતે તેમને ૪૦ કરોડરુપીયાના ગેરકાયદેસર માઈનીંગના કેસમાં ક્લીન ચીટ આપી છે.યેદીરુપ્પા ઉપરાતં તેમના બે પુત્રો અને જમાઈને પણ નિર્દોષ ઠરાવાયા હતા. બહુ ચર્ચિત લાંચ કેસમાં કોર્ટમાં જજ આર.બી. ધર્મગૌડરે અન્ય નવ આરોપીઓને પણ નિર્દોષ ઠરાવ્યા હતા. ૨૦૧૧માં તત્કાલીન લોકાયુક્ત સંતોષ હેગડેએ યેદીયુરપ્પાને દોષિત ઠરાવતાં તેમણે મુખ્યમંત્રી પદ છોડવું પડ્યું હતું.

સીબીઆઈએ આ કેસમાં એક વર્ષ પહેલાં યેદીયુરપ્પા,તેમના બે પુત્રો રાઘવેન્દ્ અને વિજેયન્દ્ તથા જમાઈ રોહનકુમાર સામે સત્તાવાર ચાર્જશીટ ઘડી હતી.જેમાં તેમના પર સત્તાવાર પદ અને ભ્રષ્ટાચારના આરોપ મુકાયા હતા.બેલ્લારી સ્થિત ખાનગી સ્ટીલ કંપની અને શિમોગામાં યેદીયુરપ્પા પરિવારના ટ્રસ્ટનું પણ ચાર્જશીટમાં નામ હતું. સીબીઆને જાણે કે ખરેખર પાંજરે પુરાયેલ પોપટ છે એવું પુરવાર કરવાનું ઝનુન ચઢયું છે.કર્ણાટકમાં પોતના પુત્રો અને જમાઈના સંચાલન હેઠળ પ્રેરણા ટ્રસ્ટ રચી તેના નેજા હેઠળ કરોડો રુપીયાનું કૌભાંડ આચરવાના કેસમાં કર્ણાટકના માજી મુખ્યમંત્રી યેદુયુરપ્પાને અદાલતે નિર્દોષ ઠેરવ્યા છે.અદાલતે જો કે તેના ચુકાદામાં સાફ સાફ કહ્યુ છે તેમ યેદુયુરપ્પાની નિર્દોષતાનો વિજય નહીં પરંતુ સીબીઆઈની નિષ્ક્રિયતા કે અણઆવડતનો પરાજય થયો છે.

ભારતના મોટાભાગના સ્ફોટક કેસોમાં સીબીઆઈએ તપાસમાં આમ પાણીના નામે ભુ જ કર્યુ છે.એટલે દેશની પ્રિમિયમ ઇન્વેસ્ટીગેશન એજન્સી તરીકેની શાખ સાવ તળીયે બેઠી છે.સીબીઆઈ ધારે તો પણ યેદીયુરપ્પા સામે બહુ કડક તપાસ કરી શકે તેમ ન હતી. કારણકે કર્ણાટકમાં વિધાનસભાની આગામી ચુંટણીમાં યેદિયુરપ્પાના વડપણ હેઠળ જ ભાજપે વેતરણી પાર કરવાની છે.દક્ષિણ ભારતમાં પહેલીવાર ભાજપ સરકાર રચાઈ ત્યારે યેદિયુરપ્પા મુખ્યમંત્રી બન્યા હતા..પરંતુ ભાજપી શૈલીની જેમ ઘર ફુટે ઘર જાય તે રીતે ભાજપના જ નેતાઓએ યેદિયુરપ્પા સામે બળવો પોકાર્યો અને તેમના કૌભાંડો બહાર પાડ્યા.ભાજપી હાઈકમાન્ડ પાસે યેદિયુરપ્પાને ઘેર બેસાડવા સિવાય કોઈ ચારો નહોતો.પરિણામે યેદિયુરપ્પાને ભાજપમાંથી નિકાસ કરાયા.આથી છંછેડાયેલા આ કેસરીએ નવો પક્ષ રચ્યો અને પછી થયેલી ચુંટણીમાં તે ન જીત્યા પરંતુ ભાજપના પરાજયનું નિમિત્તતો બન્યા જ.પરિણામે ભાજપને ખ્યાલ આવ્યો કે ચુંટણીમાં વિજય મેળવવો હોય તો લિગાયતી મતોને ભાજપ તરફ પાછા વાળવા યેદિયુરપ્પાને પુનઃ પક્ષમાં દાખલ કરવા જોઈએ અને તેમની સામેની તમામ કાયદાકીય કાર્યવાહીમાં તેઓ બેદાગ સાબિત થાય તેમ જોવું.હાલમાં કર્ણાટક વિધાનસભાની ચુંટણીનો તમામ્ અખત્યાર તેમને સોપી દેવાયો છે.જે નેતા રાષ્ટ્રના શાસક પક્ષ માટે આટલા અગત્યના હોય તેમની સામે સીબીઆઈ એકદમ કડક તપાસ કેવી રીતે કરી શકે.જેઓ ભાજપના હતા અને સીબીઆઈના કેસોમાં ફસાયેલા હતા અને જેમની શાસક પક્ષને જરુર હતી તે બધા હવે સીબીઆઈની પકડમાંથી ધીમે ધીમે મુક્ત થઈ રહ્યા છે.

## હિન્દુત્વની પુનઃવ્યાખ્યા કરવા સુપ્રીમ કોર્ટની બંધારણીય બેન્ચનો ઇન્કાર

હિદુત્વ ચુકાદાના નામે જાણીતા ૧૯૯૫ના પોતાના ચુકાદાને કારણે સર્જાયેલી ચુંટણીલક્ષી ગેરરીતીઓને સબંધિત વિવાદિત મામલાની સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ જણાવ્યુ હતું કે અમે આ તબક્કે ધર્મના મામલાની ચકાસણી કરવા માંગતા નથી.ભારતના મુખ્ય ન્યાયાધીશ ટી.એસ.ઠાકુરના વડપણ હેઠળની સાત જજોની બંધારણીય બેન્ચે જણાવ્યુ હતું કે અમે હિદુત્વ શું છે અથવા હિંદુત્વનો અર્થ શું છે અથવા તેનો અર્થ શું થાય છે તેના પરની વ્યાપક ચર્ચામાં પડવા માંગતા નથી.અમે ૧૯૯૫ના સુપ્રીમ કોર્ટના ચુકાદા પર પુનઃવિચારણા કરવાના નથી અને આ તબક્કે હિંદુત્વ ધર્મ છે કે નહીં તેની પણ ચકાસણી કરવાના નથી.

સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે અત્યારે તો અમે ફક્ત રેફરન્સમાં અમારી સમક્ષ ઉપસ્થિત કરાયેલા મામલા સુધી જ મર્યાદિત રહીશું.અત્યારે રેફરન્સમાં હિદુત્વ શબ્દનો ઉલ્લેખ જ નથી.જો કોઈ પક્ષકાર અમને દર્શાવશે કે મામલામાં હિંદુત્વ શબ્દનો ઉલ્લેખ કરાયો છે તો અમે તેમને સાંભળીશું.પરંતુ આ તબક્કે અમે હિંદુત્વની ચર્ચામાં પડવાના નથી.સાત ન્યાયાધીશોની બંધારણીય બેન્ચ સમક્ષ કેટલાક વકીલોએ હાલમાં ચાલી રહેલી સુનાવણીમાં હસ્તક્ષેપ કરવાની માંગ કરતાં અદાલત દ્વારા ઉપરોક્ત ટિપ્પણી કરાઈ હતી.સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે અમે ફકત જનપ્રતિનિધિ ધારાની કલમ ૧૨૩(૩)અંતગર્ત ચુંટણી ઉમેદવારો અને ધાર્મિક નેતાઓ વચ્ચેની સાંઠગાંઠ તથા તેની કાયદેસરતાની જ ચકાસણી કરી રહ્યા છીએ.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**
૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## કેન્દ્ર સરકાર બજેટ એક મહિનો વહેલું રજુ કરશે : વડાપ્રધાન



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી હતી કે વિવિધ પ્રોજેક્ટ અને યોજનાઓના અમલીકરણ માટે સરકારે કેન્દ્રીય બજેટ એક મહિનો વહેલું રજુ કરવાનો નિર્ણય કર્યો છે.તેમણે તમામ રાજ્યોને બજેટ સબંધિત આયોજન એક મહિનો વહેલુ કરી લેવા માટે કહ્યુ છે.ભારતમાં નાણાકીય વર્, ૧ એપ્રિલથી ૩૧મી માર્ચનુ છે.ઘણા દેશોમાં જાન્યુ.થી ડિસે.નાણાકીય વર્ષ હોય છે.બજેટ ફેબ્રુઆરીના અંતે રજુ થતું રહ્યુ છે જેને સંસદના બંન્ને ગૃહ છેક મે મહિનાના મધ્યમમાં પસાર કરતા હતા.હવે આગામી વષે માટે ફેબ્રુઆરીને બદલે જાન્યુઆરીમાં બજેટ રજુ થશે.હવે સસંદમાં ક્યારે તે પસાર કરાશે તે સવાલ રહે છે. જો તે રાબેતા મુજબ મે મહિનામાં જ પસાર થશે તો તે અગાઉ સરકારે ખર્ચ માટે સંસદની મંજુરી લેવી પડશે.

સરકાર માટે આ વખતે ૧ એપ્રિલથી જીએસટીનો અમલ કરવાનું પણ આયોજન છે. આથી બજેટ વહેલુ રજુ થશે તો જીએસટીના અમલમાં મદદરુપ થશે.આ વખતે રેલ બજેટ અલગથી રજુ નહી થાય. સામાન્ય અંદાજપત્ર જનરલ બજેટમાં જ રેલવેની જોગવાઈઓનો સમાવેશ કરી લેવાશે. આમ એનડીએ સરકારે આ મહત્વનો ફેરફાર કર્યો છે.

## સમાન નાગરિક ધારો સર્વ સંમતિથી લેવાશે : વેંકૈયા નાયડુ

કેન્દ્ર સરકાર દ્વારા સમાન નાગરિક ધારો પાછલા બારણે લાગુ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે તેવો અવાજ ઉઠી રહ્યો છે તેનો જવાબ આપતાં માહિતી પ્રસારણ મંત્રી વૈકેયા નાયડુએ કહ્યુ હતું કે ભાજપ સમાન નાગરિક ધારાનો ઉપયોગ કરીને ઉત્તર પ્રદેશની ચુંટણીમાં હિન્દુ-મુસ્લીમ મતોનું ધ્રુવીકરણ કરવા માંગતુ હોવાના આરોપને ફગાવી દીધા હતા.ટ્રિપલ તલાક,સમાન નાગરિક ધારો કે રામ મંદિર જેવા મુદ્દાઓ ભાજપ રાજકીય માઈલેજ મેળવવા માટે ઉઠાવતું નથી તેમ કહીને નાયડુએ જણાવ્યુ હતું કે તેમની સરકારનો એજન્ડા ફકત વિકાસનો છે.આ પ્રકારના મુદ્દાઓ ચુંટણીમાં લાભ મેળવવા માટે ઉઠાવી શકાય નહી એમ તેમણે કહ્યુ હતું.

તેમણે કહ્યુ હતું કે સરકાર ટ્રીપલ તલાકને ધાર્મિક બાબત માનતી નથી. આ મહિલાઓની સમાનત અને ભાવના સાથે જોડાયેલી બાબત છે. અમે મુસ્લીમોના ઈશ્યુમાં દખલગીરી કરી રહ્યા છે તેમ કહેવું ઉચિત નથી.ભારતની આ જ સંસદમાં હિન્દુ કોડ બિલ પણ પસાર કરાયું હતું.ડિવોર્સ એકટ,હિન્દુ મેરેજ એકટ પર પ્રતિબંધ મુકતો કાયદો કે દહેજ અને સતી પ્રથાને નાબુદ કરતો કાયદો આ જ સંસદમાંથી પસાર થયો હતો.જો કે તેમણે સ્પષ્ટ કર્યુ કે સમાન નાગરિક ધારો પસાર કરાવવા માટે વ્યાપક સર્વસંમતિની જરુર છે.ટ્રિપલ તલાક જેવા મુદ્દાને પાછલા બારણેથી ઘુસાડી શકાય નહી.ભાજપ રાજકીય માઈલેજ લેવા માટે કોઈ મુદ્દો ચગાવતો નથી.જો કે મંત્રીશ્રીને ભાજપે ભુતકાળમાં રાજકીય માઈલેજ મેળવવા કરેલા પ્રયત્નો કદાચ યાદ નથી.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવક્રાંતિ

અમારા સહુ કોઇ માનવંતા વાચકો,ગ્રાહકોને અમારા તરફથી દિપાવલીની તેમજ નવીન વર્ષની શુભેચ્છાઓ પાઠવીએ છીએ.ગત વર્ષમાં અનેક એવી બાબતો બની જેને ભુલી જવી એજ સારી બાબત ગણાશે.નહિતર એવી અનેક ઘટનાઓ છે જેને યાદ કરીએ તો મન અને મગજ ઉપર દાબ રાખવો મુશ્કેલ બની જાય તેમ છે.

સર્જીકલ સ્ટ્રાઇક ના નામે દેશમાં વાહવાહી લુંટનારા રાજકીય નેતાઓ માત્ર પોતાની ચુંટણીલક્ષી ગણતરીઓને ધ્યાનમાં લઇને જે વાતો કરી તેને સ્પષ્ટ રીતે આપણે જોઇ શકીએ છે કે તેનાથી દેશને કોઇ ફાયદો થયો હોય તેમ લાગતું નથી. આજે પણ દુશ્મનો આવીને તમારા સૈનિકોના માથા કાપી જાય અને તમે દિવાળી ઉજવવા માટે જવાનો સાથે પહોચીને પાછી વાહવાહી લુંટવા પ્રયત્ન કરો આનાથી વધુ કમનસીબી દેશની બીજી શું હોઇ શકે. સૈનિકોનું મોરલ વધારવા માટે જવા માટે કોઇ રોકતું નથી પરંતુ પાછુ એજ ચુંટણીલક્ષી ગણતરીઓ ધ્યાનમાં રાખીને કરાતાં તમામ પ્રયત્નો છે.દેશની જનતાને જ્યાં સુધી ભોળવી શકાય ત્યાં સુધી શક્ય છે.ઇઝરાયેલ ના ભુતપુર્વ લશ્કરી વડા અને રાજકીય નેતા મોશે દયાન સરહદ પર સહુથી પ્રથમ હરોળમાં સૈનિકો સાથે યુધ્ધ લડતા હતા.તેમનો દેશ ચારે બાજુ દુશ્મનોથી ઘેરાયેલો છે.પરંતુ તેમણે કુનેહથી તેમના દુશ્મનોના દાંત ખાટા કરી નાંખ્યા.કોઇ પબ્લીસીટી વગર.યુધ્ધના મોરચે પ્રથમ હરોળમાં જઇને સૈનિકોનું મોરલ અને જોમ વધાર્યુ તો આજે ઇઝરાયેલની સેના વિશ્વભરમાં અજોડ ગણાય છે અને દુશ્મનો તેમનાથી ગભરાય છે.વિશ્વમાં સહુથી વધુ સર્જીકલ સ્ટ્રાઇલ ઇઝરાયેલના નામે બોલે છે.જે સહજતાથી તેમના જાબાઝ સૈનિકોએ દુશ્મનોને તેમના દેશમાં જઇને ખતમ કર્યા તે કાબિલે તારીફ છે.છતાં યુધ્ધ કરવાની હિંમત એ દેશો કરી નથી.


IN THE FOOTESTED OF JESUS

**HOLYLAND TOUR**

Exploring the journey of the
HOLY LAND
WELCOME TO
ISRAEL,JORDAN,EGYPT & DUBAI

**પ્રભુ કૃપાથી ઇઝરાયેલ ટુર -૨૦૧૬ નું આયોજન કરેલ છે.**

**દેશ-પરદેશના ઇચ્છુક ભાઇ-બહેનોને આ ટુરમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ છે. આ ટુરમાં આપ જોઇ શકશો**

**ઇઝરાયેલ, ઇજીપ્ત, જોર્ડન, દુબાઇ બતાવીશું.**

Tour Date 18 May ‘16,Sept.16
November,2016

**પેકેજ પ્રાઇસમાં સામેલ છે. એરટિકિટ, નાસ્તો, લંચ,ડીનર, એન્ટરન્સ ફીએરપોર્ટ ટેક્સ, વીઝાફી, ખાસ ટીપ((Tips),એરફેર, હોટેલ્સ, ગાઇડ ફી,વાહનભાડાં સામેલ છે. અન્ય કોઇ છુપો ખર્ચ નહિ. ગુજરાતીમાં અનુવાદ સાથે સમજ આપવામાં આવશે. ટુરમાં જોડાવા માટે રૂ ૧૫૦૦૦/-ડિપોઝીટ પેટે મોકલવાના રહેશે.**

**પ્રાર્થન પોલ ગોહિલ,**
C/40,નતાશા પાર્ક રેસીડેન્સી- , નિઝામપુરા, વડોદરા. ૩૨૦૦૨૪ મોબાઇલ નં. ૯૮૭૯૪૪૩૩૭૪,૯૪૨૮૬૯૧૦૮૦
E.mail ID : prarthgohil@gmail.com
* * * * * * * * * * * *


# ભારતીય લશ્કરે ફિલ્મના મુદ્દે વિવાદમાં ઢસડતાં નારાજગી દર્શાવી :રાજની દાદાગીરી સામે મહારાષ્ટ સરકાર લાચાર બની

ભારતીય સેનાના વરિષ્ઠ અધિકારીઓ અને પુર્વ સૈન્યકર્મીઓએ ફિલ્મના મુદ્દે રાજનીતિમાં પોતાને ઘસડવામાં આવતાં નારાજ છે.

મહારાષ્ટ્ર નવનિર્માણ સેના એ પાકિસ્તાની કલાકારોને ફિલ્મમાં કામ આપનારા નિર્માતાઓને સેના કલ્યાણ ફંડમાં રુ.૫ કરોડ જમા કરાવવાની માંગ કરી છે.કરણ જોહરની ફિલ્મ એ દિલ હે મુશ્કીલ અંગે એ સમયે વિવાદ સર્જાયો હતો.જ્યારે મનસેએ આ ફિલ્મમાથી પાકિસ્તાની કલાકાર ફવાદખાનને કામ આપવા અંગે વિરોધ શરુ કર્યો હતો.

આ ફિલ્મને ત્યારે રિલીઝ કરવાની અનુમતિ આપવામાં આવી હતી જ્યારે ફિલ્મના નિર્મતાઓએ મનસે પ્રમુખ રાજ ઠાકરેની ત્રણ શરતોને માની લીધી હતી. જેમાં સેના કલ્યાણ ફંડમાં રુ. ૫ કરોડ ચુકવવાની વાત પર પણ સામેલ છે.સેનાના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યુ હતું કે કલ્યાણ કોષમાં કોઇપણ યોગદાન સ્વેચ્છાએ થવું જોઇએ. જબરજસ્તીથી વસુલાત કરવાની અનુમતિ નથી.અમે ઇચ્છીએ છીએ કે લોકો પોતાની ઇચ્છાથી તેમાં યોગદાન આપે,કોઇપણ પ્રકારના દબાણમાં આવીને નહીં.

કાશ્મીરમાં ઉરી ખાતે આતંકી હુમલામાં ૧૯ જવાનો શહીદ થયા પછી દેશભરમાંથી આક્રોશ છવાયો હતો. જેના પગલે મનસેએ ૪૮ કલાકમાં પાકિસ્તાની કલાકારોને ભારત છોડી દેવાની ચીમકી આપી હતી. ત્યારબાદ ફિલ્મ નિર્માતાઓને પણ પાક.કલાકારોને કામ ન આપવા કહેવાયુ હતું.

જો કે આ એક પ્રકારની ખંડણી વસુલ કરવાની રીત કહેવાય. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ફડનવીસ મનસેની ધમકી અને હાલમાં મહારાષ્ટ્રમાં ચાલી રહેલા મરાઠા આંદોલનની ખુરશી જવાની બીકે મનસેની તમામ શરતો સ્વીકારવાની ફિલ્મ નિર્માતાઓને ફરજ પાડી છે.ભવિષ્યમાં ફિલ્મ ઉદ્યોગને કાયમી રીતે મનસે માંગશે તેટલી રકમ તેમને ખંડણી કે કર કે દાન સ્વરુપે આપવી પડશે.ડોશી મર્યાનો ભય નથી જમ પેધી ગયાનો ડર તો અવશ્ય છે.

કરણ જોહરની ફિલ્મ ‘એ દિલ હે મુશ્કીલ’ ની રીલીઝ અંગેનો માર્ગ તો મોકળો બન્યો પરંતુ રાજ ઠાકરેની આગેવાની હેઠળની મહારાષ્ટ્ર નવ નિર્માણસેના (મનસે)ની દાદાગીરી અને અન્ય રાજકીય દબાણની સામે બોલિવુડના ફિલ્મ નિર્માતાઓએ પાકિસ્તાની કલાકારો સાથે કામ નહી કરવાની જાહેરાત કરતાં ફિલ્મ નિર્ધારીત સમયે રીલીઝ કરવાનો માર્ગ મોકળો બન્યો. મનસેએ આર્મી વેલફેર ફંડમાં જે પાંચ કરોડ જમા કરાવી દેવાની શરત કરી ત્યારે પ્રોડ્યુસર ગિલ્ડના અધ્યક્ષ મુકેશ ભટ્ટની સાથે કરણ જોહર હતા.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસના નિવાસસ્થાને આ બેઠક મળી હતી.આ બેઠકમાં રાજ ઠાકરે હાજર રહ્યા હતા.ફડનવીસે કાયદો અને વ્યવસ્થાનું પાલન કરાવવા માટે રાજ ઠાકરે પર દબાણ લાવવા કે ભીસ લાવવાને બદલે મધ્યસ્થીની ભુમિકા અદા કરી હતી.હવે કરણ જોહરે ફિલ્મ શરુ થતાં પહેલાં ઉરીના શહીદોને શ્રધ્ધાંજલી આપવી પડશે.આમ સરકારે ખુદ શરણાગતી સ્વીકારીને મનસેને ભાવતુ હતું તે કરી આપ્યુ. હવે ભવિષ્યમાં જોવાનું રહેશે કે મનસે કહેશે તે બોલીવુડે કરવુ પડશે અને તે પ્રમાણે વર્તવું પડશે.

બોલીવુડ પર ધાક જમાવવા માટે કેટલાક સમયથી મુંબઇમાં કેટલાક રાજકીય માફીયાઓનો ડોળો છે. આ પહેલાં દાઉદનું વર્ચસ્વ હતું.હવે નવું વર્ચસ્વ સ્થપાવાની શરુઆત થઇ ચુકી છે.સરકાર તેમને સાથ પણ આપશે.

# મનસેએ તેની સીમા ઓળંગવી જોઇએ નહીં : નસીરુદીન શાહ

કરણ જોહરની ફિલ્મ બાબતે ચાલી રહેલા વિવાદનો અંત મનસેની લાદેલી શરતો અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીશની મહોરથી આવ્યો.ચરિત્ર અભિનેતા નસિરુદીન શાહે કહ્યુ હતું કે મનસેએ તેની હદમાં રહેવું જોઇએ અને સીમા ઓળંગવી જોઇએ નહીં.મનસે દ્વારા પાક.કલાકારોની ભુમિકા હોય તેવી ફિલ્મનો વિરોધ કરવામાં આવ્યો હતો.જો કે મુખ્યપ્રધાનના હસ્તક્ષેપ બાદ આ વિવાદ પર પડદો પડ્યો હતો.નસીરુદીન શાહે કહ્યુ હતુ કે કલાજગતમાં રાજકારણીઓએ માથુ મારવું જોઇએ નહીં.તેણે ઉમેર્યુ હતું કે તે કરણ જોહરની ફિલ્મ પસંદ કરતો નથી.પરંતુ ફક્ત પબ્લીસીટી માટે કોઇપણ ફિલ્મનો વિરોધ કરવો યોગ્ય નથી.મનસે પાસે કરણ જોહરે માફી માંગવાનું કોઇ કારણ નહોતું તેમ શાહે ઉમેર્યુ હતું.

# ભારતના વિવિધ પ્રદેશોમાં નવા પ્રકારના બર્ડ ફ્લુ ના ફેલાવાને સમર્થન

મધ્ય પ્રદેશની ભોપાલ સ્થિત નેશનલ ઇન્સ્ટીટ્યુટ ફોર હાઇ સીક્યુરીટી એનિમલ ડિસિઝે ભારતના વિવિધ ભાગોમાં બર્ડ ફ્લુ ફેલાઇ રહ્યો હોવાના અહેવાલને સમર્થન આપ્યુ છે.પ્રયોગશાળાએ જણાવ્યુ છે કે આ એચપએનટ નામનો બર્ડ ફ્લુનો નવો પ્રકાર છે.આ રોગચાળો ભયાનક ન બને તે માટે સરકારના તમામ વિભાગો પ્રયાસો કરી રહ્યા છે.કૃષિ મંત્રાલયના એક નિવેદન અનુસાર હજુ સુધી માનવીમાં આ અંગેનો કોઇ ચેપ દેખાયો નથી.પરંતુ મૃત અને રોગગ્રસ્ત પક્ષીઓના નિકાલ અને નિયંત્રણ દરમિયાન માનવીઓ માટે ચોકસાઇના પગલાં લેવા જરુરી છે. ઝુમાં કેટલાક પક્ષીઓના મોત આ બર્ડ ફ્લુને કારણે થયા હોવાનો રીપોર્ટ લેબોરેટરીએ આપ્યો હતો.

# મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ફડનવીસે રાજ-કરણ વચ્ચેની ડીલ પાકી કરી હતી

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસને મુશ્કેલીમાં મુકી શકે તેવો એક નવો ઘટસ્ફોટ થયો છે.પાકિસ્તાની કલાકાર સાથેની કરણ જોહરની ફિલ્મ એ દિલ હે મુશ્કિલની રીલીજ માટે આર્મી ફંડમાં રુપીયા પાંચ કરોડ જમા કરાવવા માટે મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરે અને જોહર વચ્ચેની ડીલ ફડનવીસે જ પાકી કરી હોવાનું એક ન્યુઝ ચેનલના રિપોર્ટમાં જાહેર કરાયું છે. ટીવી ચેનલના રિપોર્ટમાં એવો દાવો કરાયો છે કે મહારાષ્ટ્રના મુખ્યમંત્રીએ ફિલ્મ પ્રોડ્યુસર પર ફિલ્મની રીલીઝ પાખી થઇ શકે તે માટે પાંચ કરોડ રુપીયા આર્મી ફંડમાં જમા કરાવવા માટે દબાણ કર્યુ હતું.રિપોર્ટમાં કહેવાયું છે કે ફડનવીસે રાજ ઠાકરેએ મુકેલી પાંચ કરોડની ઓફરને સ્વીકારી લેવા માટે કરણ જોહરને કહ્યુ હતું . આ મીટીંગમાં હાજર મુકેશ ભટ્ટે સોદો ફાઇનલ કર્યો હોવાનું રિપોર્ટમાં કહેવાયું છે.એક ઇન્ટરવ્યુમાં મુખ્યમંત્રીએ કહ્યુ હતું કે તેમણે રાજ ઠાકરેએ મુકેલી પાંચ કરોડની દરખાસ્તનો વિરોધ કર્યો હતો.સીએમનું સોદાબાજીમાં નામ આવતાં કેન્દ્ર સરકારે આ બાબતથી અંતર રાખ્યુ હતું.

# જે સર્વશ્રેષ્ઠ હોય એની જ પસંદગી થવી જોઇએ

જગતની દરેક વ્યક્તિને બીજા કરતાં શ્રેષ્ઠ બનવું છે. દરેક વ્યક્તિને શ્રેષ્ઠ વસ્તુની જ અપેક્ષા રહેતી હોય છે.આપણે ગુલાબના બગીચામાંથી પણ શ્રેષ્ઠ ફુલ શોધીને જ ચુંટીએ છીએ. આપણી જીવન જરુરીયાતની પણ વસ્તુઓ જે સારામાં સારી હોય તે પસંદ કરતાં હોઇએ છીએ. એનો અર્થ એ થાય છે કે, દરેકને જે શ્રેષ્ઠ છે એ જ ગમે છે.ધારો કે બધુ જ શ્રેષ્ઠ હોય તો એમાંથી જે સર્વશ્રેષ્ઠ હોય, એ મેળવવાનો પ્રયત્ન કરતાં હોઇએ છીએ. કોઇને ખરાબ થવું કે, ખરાબ વસ્તુ ક્યારેય ગમતી નથી.એમાંથી જ એક બીજો પ્રશ્ન પણ ઊભો થાય છે. જે શ્રેષ્ઠ છે, એ તો શ્રેષ્ઠ જ રહે છે. સોનું તો સોનું જ રહેશે, એ પિત્તળ બનેશે નહીં.સિંહ તો સિંહ જ રહેવાનો,એ કુતરો થઇ જશે નહી.આખરે, આપણે પણ સર્વશ્રેષ્ઠ આરાધના કરનારા લોકો છીએ.એવું જ થવું કરવું જોઇએ.જે સર્વશ્રેષ્ઠ હોય એની જ પસંદગી થવી જોઇએ. આપણે જાણીએ છીએ કે માણસ એક પ્રાણી છે,પણ એ બધા પ્રાણીઓમાં સર્વશ્રેષ્ઠ ગણાય છે.એનું કારણ એ જ છે કે માણસ બુધ્ધિજીવી પ્રાણી છે.શ્રેષ્ઠ હોવાની પરંપરા સતત ચાલતી જ રહે છે. બુધ્ધિશાળીઓમાં મનુષ્ય શ્રેષ્ઠ છે. એ બધામાં સર્વશ્રેષ્ઠ તો બ્રહ્મજ્ઞાની છે એવું પણ કહેવાયું છે.

સર્વશ્રેષ્ઠ - સર્વી -વિ(સં) બધું, સઘળું, સર્વશ્રેષ્ઠ -સર્વીમાં શ્રેષ્ઠ એવો અર્થ થાય છે. વિશ્વમાં સર્વશ્રેષ્ઠ ધન ક્યુ ? તો નીતિશતમાં આવે છે કે' વિદ્યાધન' એ સર્વશ્રેષ્ઠ ધન છે,અન્ય ધન તો આવે ને જાય, પણ વિદ્યાધનમાં ક્યારેય ઘટ આવતી નથી, એ વાપરો એ પ્રમાણે વધતું જ રહે છે.જે સમાજ સર્વશ્રેષ્ઠ વિદ્વાનોનો આદર સત્કાર કરતો નથી, એ નગુણો ગણાય છે. સત્તા કે પદ તો આજે છે,કાલે નહી હોય, પણ જે સર્વશ્રેષ્ઠ છે, એ માણસની વિદ્વતા છે. વિદ્વાનોનું કામ માર્ગ ચીંધવાનું છે. જે જ્ઞાની છે એ શ્રેષ્ઠ છે.જ્ઞાનીઓમાં પણ જે આચરણ કરનાર, તે સર્વશ્રેષ્ઠ છે.માણસની શ્રેષ્ઠ વૃત્તિ જ એને સર્વશ્રેષ્ઠ બનાવતી હોય છે.આપણી દાનત જ ખારા ટોપરા જેવી હોય તો સર્વશ્રેષ્ઠતા ક્યાંથી પ્રાપ્ત થવાની છે ?જે માત્ર ઉપદેશ આપે છે અને આચરણ કરતો નથી એનો સમાજ સ્વીકાર કરતો નથી.એ એની જાતને ભલે સર્વશ્રેષ્ઠ માનતો હોય, પણ એનો અસ્વીકાર જ થતો હોય છે.જે માણસ ઉપદેશ આપતો નથી, પણ પોતાના કાર્યમાં જ રચ્યોપચ્યો રહે છે. જે સાચા અર્થમાં જે માને છે એનું આચરણ કરે છે એ જ સર્વશ્રેષ્ઠ ગણાય છે.

ગુરુ એ આપણા માટે સર્વશ્રેષ્ઠ છે.એની બરાબરી કરી શકે એવું કોઇ જ નથી.જેની ઉંચાઇની તોલે કોઇ આવી શકે નહી.એ બધામાં સર્વશ્રેષ્ઠ કહેવાય.આપણે ત્યાં પણ જે ઉત્તમોત્તમ હોય એની જ પુજા થતી હોય છે.પણ જયારે શ્રેષ્ઠતાનું અપમાન થતુ હોય ત્યારે આપણે ને ભારોભાર દુ:ખ થતુ હોય છે.શ્રેષ્ઠ વ્યક્તિની નીચ વ્યક્તિઓના ત્યાં કાર્યની નિયુક્તિ, સારા સારા અનુરાગના કાર્યોમાં આસક્તિ,દુર્જનો સાથેનો સહવાસ એ બધાનું ખુબજ દુ:ખ થાય છે.જ્યાં શ્રેષ્ઠતાનું અપમાન થતું હોય, જ્યાં તે ધુળમાં રગદોળાતી હોય ત્યાં માણસને એનું દુ:ખ થાય એ સહજ છે. સાચો માણસ તો એ છે કે જે બીજા માટે મરી ફીટે છે. બીજાના ભલા માટે જે પોતાના પ્રાણની આહુતિ આપે છે. એના પાળીયા પુજાય છે.બીજાનું પડાવી લેવાની દાનતવાળા ક્યારે શ્રેષ્ઠ કે સર્વશ્રેષ્ઠ બની શકતા નથી.સર્વશ્રેષ્ઠ વૃત્તિ જ માનવને માનવ બનાવે છે. કવિ સુંદરમે તો કહ્યું છે :' હું માનવી માનવ થાઇ તો ઘણું ' ભાઇ, તમારે જે બનવું હોય તે બનજો, પણ પ્રથમ માનવ તો બનો. તમો માનવ બનો એ જ તમારી સર્વશ્રેષ્ઠતા છે.

આપણને શ્રેષ્ઠ-અશ્રેષ્ઠના ભેદની પણ સમજ હોવી જોઇએ. ક્યારેક એવું બને કે , જે મારા માટે શ્રેષ્ઠ હોય એ બીજા માટે ન પણ હોય. હું જે જગતમાં સર્વશ્રેષ્ઠ માનતો હોઉ, એ બીજા માટે શક્ય ન બનતું હોય, પણ જે સૌને સ્વીકાર્ય હોય એ શ્રેષ્ઠતાની અહીં આપણે વાત કરીએ છીએ.શાંતિથી મોટો કોઇ ભાઇ નથી.સત્યથી આગળ કોઇ તપ નથી.મોક્ષથી વધીને કોઇ લોભ નથી.આ બધાંજ પોતપોતાના ક્ષેત્રમાં સર્વશ્રેષ્ઠ છે.એની તુલનામાં બીજું કશું જ આવી શકતું નથી.માણસને મનની શાંતિ હોય, જીવને કોઇ ઉચાટ ન હોય, એનાથી સર્વોત્તમ બીજું શું હોઇ શકે ?સત્યથી અધિક તપ ક્યું હોઇ શકે?અનેક પ્રકારના લોભ-લાલચો હોય છે એમાં મોક્ષના લોભની તોલે શું આવી શકે ?મુર્ખ માણસો પથ્થરના ટુકડારુપી હીરાને રત્નસંજ્ઞાથી ઓળખે છે. પથ્થરનો ટુકડો એ શ્રેષ્ઠ નથી. એ ખાઇ કે પી શકતો નથી.પણ ઉત્તમ વિચારો,ઉત્તમ જળ, અને ઉત્તમ અન્નથી જ માણસ જીવી શકે છે. જે જીવન આપીને ટકાવે છે એનાથી સર્વશ્રેષ્ઠ બીજુ શું હોઇ શકે ?નદીનું પાણી વહેતું હોય તો શ્રેષ્ઠ છે.એ જ રીતે આપણા જીવનનું પણ છે. સૌમાં શ્રેષ્ઠ શું હોઇ શકે ?સંસ્કૃતમાં કોઇએ કહ્યું છે કે ઉપકાર કરવો સૌથી મોટો ધર્મ છે.કર્મદક્ષતા સૌથી મોટો અર્થ છે.સુપાત્રને દાન કરવું એ સૌથી મોટી તૃપ્તિ છે. અને વૈરાગ્ય સૌથી મોટી મુક્તિ છે.આ બધીજ બાબતો સર્વશ્રેષ્ઠ છે.આપણા પર જે અપકાર કરે, એના પ્રત્યે પણ ઉપકારની ભાવના રાખવી એ સર્વશ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ગણાય છે. એ જ માણસ તરીકે આપણો સાચો ધર્મ છે.

માણસ કે સંસ્થાને ઓળખીને, સુપાત્ર છે કે કુપાત્ર છે,એનો ભેદ પારખીને દાન કરવામાં આવે તો એ યોગ્ય રીતે વપરાય છે.આ શ્રેષ્ઠતા જ માણસને ઉચ્ચ આસને બેસાડતી હોય છે.શ્રેષ્ઠ હોવું અને શ્રેષ્ઠ હોવાનો દંભ કરવો એ બે બાબતો અલગ છે.કોઇના માટે કંઇ કરીએ એમાં ભારોભાર નમ્રતા હોવી જોઇએ. જે માણસનો ડાબો હાથ દાન કરે, અને જમણાને ખબર ના પડે, એ સર્વશ્રેષ્ઠ કહેવાય.

ડો.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

# કેરળમાં રખડતાં કુતરા મારનારને સોનાના સિક્કાનું ઇનામ અપાશે

કેરળમાં રખડતાં કુતરાનો ત્રાસ એટલો બધો વધી ગયો છે કે હવે કુતરા મારનારને સોનાનો સિક્કો ઈનામમાં આપવાની જાહેરાત કરાઇ છે.રાજ્યની એક જાણીતી કોલેજના પુર્વ વિદ્યાર્થીઓના સંગઠને નગરનિગમના અધિકારીઓને જણાવ્યુ છે કે ૧૦ ડિસે.સુધીમાં જે પંચાયત કે નગરનિગમ સૌથી વધુ રખડતાં કુતરાનો નાશ કરશે તેને સોનાના સિક્કા ભેટમાં અપાશે.કેરળમાં છેલ્લા ૪ મહિનામાં કુતરાના હુમલામાં ચાર લોકોના મોત નિપજ્યા છે અને ૭૦૦થી વધુને ઇજા થઇ છે.

કેરળમાં વધતી રખડતાં કુતરાની સંખ્યાથી ચિંતિત સેન્ટ થોમસ કોલેજના ઓલ્ડ સ્ટુડન્ટસ વેલ્ફેર એસો.ના પદાધિકારીઓએ જણાવ્યુ હતું કે રાજ્યમાં સૌથી વધુ રખડતાં કુતરા મારનાર પંચાયતો અને નગર નિગમોને સોનાના સિક્કા અપાશે.થોડા સમય પહેલાં આ સંગઠને રખડતાં કુતરા મારવા લોકોને ઓછા દરે એરગન આપી હતી.એસો.ના મહાસચિવ જેમ્સ પમબાયકલે જણાવ્યુ હતું કે અમે આ યોજના બનાવી રહ્યા છીએ.અને જનતાને રખડતાં કુતરાના ત્રાસથી સુરક્ષિત કરવા માંગીએ છીએ.

તાજેતરમા ૫૦ રખડતાં કુતરાને મોતને ઘાટ ઉતારી દેવાતાં પોલીસે ૧૫ લોકો સામે પશુ ક્રુરતા નિવારણ કાયદા અંતગર્ત કેસ કર્યા હતા.થોડા સમય પહેલાં કેરળમાં રખડતાં કુતરા મારવા પર કેન્દ્રીય મંત્રી મેનકા ગાંધીએ આપેલા નિવેદનનો કેરળના વિવિધ સંગઠનો દ્વારા ઉગ્ર વિરોધ કરાયો હતો.કેરળમાં રખડતાં કુતરા દ્વારા અવારનવાર લોકો પર સામુહિક હુમલાની ઘટનામાં મોટો વધારો નોધાયો છે.

ગુજરાતના મોટા શહેરોમાં પણ રખડતાં પશુઓની રંજાડનું પ્રમાણ મોટા પ્રમાણમાં છે.હાઇકોર્ટે આ બાબતે નગરનિગમો,પાલિકાઓને માર્ગદર્શિકાઓ આપી છે પરંતુ તેનો ખરેખર અમલ થતો નથી. રખડતી ગાયોને કારણે થતા અકસ્માતોને કારણે અનેક લોકોને ખોડખાંપણ અને ભારે નુકશાન પહોચ્યું છે.એજ પ્રમાણે રખડતાં કુતરા કરડવાથી હજારોની સંખ્યામાં લોકોને હડકવા વિરોધી રસીઓ મુકાવી પડે છે. શહેરની હોસ્પીટલોમાં રસીઓ ખુટી પડતી હોય છે. પરંતુ જીવદયાના પ્રેમીઓને કારણે અનેક લોકોને આ રખડતા પશુઓના ભોગ બનવું પડે છે. ખરેખર જે લોકોને પ્રાણીઓ પ્રત્યે અનુંકંપા હોય પ્રેમ હોય તેમણે તેમના માટે યોગ્ય વ્યવસ્થા કરવી જોઇએ જેથી લોકો તેમનો ભોગ બની શકે નહી.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર **બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

## AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૯૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## નવસર્જન ટ્રસ્ટે મેળવેલી કરોડોની ગ્રાંટના મુદ્દે ક્રાઇમ બ્રાંન્ચે તપાસ શરુ કરી

નવસર્જન ટ્રસ્ટ દલિત અત્યાચારના બનાવોમાં દલિત સમાજને ગેરમાર્ગે દોરી, દલિતો પરના અત્યાચાર બતાવી વિદેશોમાંથી કરોડો રુપીયાની ગ્રાંટ મેળવીને ઓળવી ગયા હોવાના આક્ષેપવાળી અરજીમાં અમદાવાદ ક્રાઇમ બ્રાંન્ચે અરજદાર રવજી માધડ સહિતના અરજદારોના નિવેદન નોધ્યા હતા. ટ્રસ્ટ વિરુધ્ધ કરાયેલા આક્ષેપો પૈકી એક આક્ષેપ એ પણ હતો કે ૨૦૦૦ની સાલમાં અંદાજે ૨૦૦ લોકો માટે વિદેશથી વ્યક્તિ દીઠ દોઢ-દોઢ લાખ રુપીયાનું દાન આવ્યુ હતું.આ રુપીયા દલિતોના ઉત્થાન માટેના હતા છતાં ટ્રસ્ટે નહીં આપીને વિશ્વાસઘાત કર્યો છે. નોધનિય છે કે અરજી નવસર્જન ટ્રસ્ટના નિયામક માર્ટિન મેકવાન અને મંજુલા પ્રદીપ સામે છે. અરજી અંગે અગાઉ અરજદારો દ્વારા સામાજિક ન્યાય અને અધિકારીતા પ્રધાન આત્મારામ પરમાર સમક્ષ રજુઆત કરવામાં આવી હતી.

અમરેલી જિલ્લા દલિત અધિકાર લડત સમિતિના રવજીભાઇ આઘડે નવસર્જન ટ્રસ્ટના નિયામક માર્ટિન મેકવા અને મંજુલા પ્રદીપ વિરુધ્ધ પુરાવા સાથે કરેલી અરજીમાં આક્ષેપ કર્યો છે કે અમરેલી જિલ્લામાં ૧૯૯૭થી ૨૦૧૧ સુધી વિદેશમાંથી ટ્રસ્ટે કરોડો રુપીયાની ગ્રાંટ મેળવી છે.રાજ્યમાં આવેલા ભુકંપમાં પણ રુ. ૩૦ કરોડની વિદેશી ગ્રાંટ મેળવી હતી.ટ્રસ્ટે અમરેલી,બાબરા અને લાઠી તાલુકામાં પ્રોજેક્ટ ઓફીસ ચાલુ કરી હતી જેમાં રવજીભાઇ સહિતના ફિલ્ડ વર્કરોના નામે ૨૦૦૦ની સાલમાં રુ.૧.૫૦લાખ મંજુર કરાયા હતા. ટ્રસ્ટના નિયામકે આ ફંડમાંથી શિક્ષણ ફંડ પેટે વ્યાજના રુ.૧૭હજાર આપવાનું નક્કી કર્યુ હતું અને જરુરીયાતના સમયે કાર્યકરો માંગે ત્યારે અથવા નોકરીમાંથી છુટા થાય ત્યારે ચુકવી આપવા ખાતરી આપી હતી. પરંતુ આ રકમ ના ચુકવીને કાર્યકરોને છુટા કરી દેવાયા છે.૨૦૦૭થી ૨૦૧૧ સુધીમાં રાજ્યના ૧૧ જિલ્લાના મથકોમાં ૨૫૦થી વધુ કાર્યકરો નોકરી કરતા હતા અને તેમાંથી અનેક યુવાનોને નાંણા ન મળતાં નાની દેવતી ગામે ઉપવાસ આદર્યા હતા.જેના સમાધાન રુપે કેટલાક કાર્યકરોને રુ.૧.૫૦ લાખ ચુકવ્યા હતા. જ્યારે મોટાભાગના દલિત યુવાનોને નાણાં ન આપીને છેતરપીડીં આચરી છે.આ અરજીની તપાસ ક્રાઇમ બ્રાંચને સોપાઇ છે. જેની તપાસ ડીસીપી દીપન ભદ્રને અપાઇ છે.જેમણે કહ્યુ હતું કે આક્ષેપોની તપાસ કરાઇ રહી છે. ગુનો નોંધવો કે કેમ તે અંગે તપાસ પુર્ણ થયા બાદ નિર્ણય લેવાશે. જો કે ઉના દલિત કાંડ બાદ સમગ્ર રાજ્યમાં જે દલિત આંદોલનને વેગ મળ્યો તેની પાછળ નવસર્જન ટ્રસ્ટ અને તેના નિયામકનો સાથ અને સહકાર હતો જેના કારણે સરકારને ભારે મુસીબતોનો સામનો કરવો પડ્યો હતો.પાટીદાર મતો અને ત્યારબાદ દલિત મતોનું ધ્રુવીકરણ થયું તે રોકવા માટે સહુ પ્રથમ હાર્દિક પટેલની સામે સરકારે સખ્ત પગલાં લીધા અને હવે દલિતોના મુદ્દે નવસર્જન ટ્રસ્ટને નિશાન બનાવાયુ હોવાનું કહેવાઇ રહ્યું છે.

## ફરજીયાત આર્મી ફંડના મામલે સંરક્ષણ મંત્રીએ કરેલી સ્પષ્ટતા - કોઇનું ગળુ દબાવીને દાન લઇ શકાય નહીં

કરણ જોહર પાસેથી’ એ દિલ હૈ મુશ્કીલ’ ફિલ્મની રીલીઝ માટે આર્મી ફંડમાં પાંચ કરોડ જમા કરાવવાની શરત પળાવનારા મનસેના રાજ ઠાકરે પર એનડીએની સરકારે તડાપીડ બોલાવી છે.સંરક્ષણ મંત્રી મનોહર પારિકરે સ્પષ્ટ કર્યુ હતું કે સેનાને અપાતું ડોનેશન સ્વેચ્છીક હોય છે અન કોઇનું ગળુ દબાવીને દાન કરવવાની રીત ખોટી છે.કેન્દ્ર સરકારે પણ સ્પષ્ટ કર્યુ કે એમએનએસની માંગણી સાથે સરકાર કોઇ પણ પ્રકારે સંમત નથી.

કરણ જોહરની ફિલ્મ રીલીઝ કરાવવા માટે મનસેના પ્રમુખ રાજ ઠાકરેએ સેનાને પાંચ કરોડનું દાન ફરજીયાતપણે કરવાની શરત મુકી હતી. તે અંગે પારિકરે નારાજગી દર્શાવી હતી.તેમણે સ્પષ્ટ કર્યુ કે જે લોકો શહીદોના પરિવારના કલ્યાણ માટે સ્વેચ્છીક રીતે ડોનેશન આપવા મ્ગતા હોય તેમને માટે બેટલ કેઝ્યુઅલ્ટી ફંડ રચવામાં આવ્યુ છે. દરમિયાન માહીતી અને પ્રસારણ મંત્રી વૈકૈયા નાયડુએ પણ કહયુ હતું કે કરણ જોહરને પાંચ કરોડ રુપીયાનું દાન કરવાની મનસેની માંગણી ખોટી છે. અને સરકારને તેમની સાથે કોલિવાદેવા નથી. આ દરખાસ્ત જ ખોટી હતી.

## વિવિધતામાં એકતા જ આપણી શક્તિ,અલગતાવાદી માનસિકતાને પરાજિત કરો : નરેન્દ્ર મોદી વડાપ્રધાન

દિવાળીના પર્વ નિમિત્તે મનકી બાતમાં દેશજોગ સંદેશો આપતાં વડાપ્રધાન મોદીએ દિવાળી ભારતના સુરક્ષાદળોના પરાક્રમને સમર્પિત કરતાં તેમના દ્વારા અપાતાં બલિદાનોની પ્રશંસા કરી હતી.તેમણે કહ્યુ હતું કે આપણા સૈનિકો ખડેપગે ફરજ બજાવી રહ્યા છે તેથી આપણે દિવાળી ઉજવી શકીએ છીએ.તેમણે દેશના તમામ નાગરિકો અને રાજ્ય સરકારોનો આભાર માનતા કહ્યુ હતું કે દેશમાં એકતા સર્જવાના માર્ગો શોધી કાઢવા અને અલગતાવાદીઓની માનસિકતાને પરાજિત કરવા અપીલ કરી હતી.કાશ્મીરની શાંતિ પર તેમણે કહ્યુ હતું કે વિવિધતામાં એકતા જ આપણી શક્તિ છે. એકતા જાળવવી નાગરિકો અને તમામ સરકારોની ફરજ છે.

હાલમાં વડાપ્રધાન દિપાવલીના તહેવારને સુરક્ષા કર્મીના જવાનો સાથે ઉજવી રહ્યા છે.દેશની સુરક્ષામાં તહેનાત જવાનોમાં જોશ અને જોમને વધારવાના હેતુ સર મોદીજીએ દિવાળી જવાનો સાથે ઉજવવાનું નક્કી કર્યુ હતું.


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ એ. એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪




**વિનંતી**

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો

## ભાજપે મંદિર નિર્માણનું વચન પાળવું પડશે : સાંસદ સુબ્રમણ્યમ સ્વામી

ભાજપના સિનિયર નેતા સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યુ હતું કે રામમંદિરનું નિર્માણ ભાજપના લોકસભા ચુંટણીના વચનો પૈકી એક છે.ભાજપ તેનાથી છટકી ન શકે. લોકોને આપેલું વચન પુરુ કરવું પક્ષની ફરજ બની જાય છે.સ્વામીએ કહયું કે રામ મંદિરનું નિર્માણ એ ચુંટણી ઢંઢેરાનો ભાગ છે.ભાજપ તેનાથી કઇ રીતે ભાગી શકે. અમારે વચન પુરુ કરવું જ પડશે.આ સાથે તેમણે કહયું કે આ મુદ્દો બળજબરીથી ઉકેલવાની વાત નથી, પરંતુ સુપ્રીમ કોર્ટે આ મુદ્દે પગલાં લેવા જરુરી છે.કારણકે આ કેસ છ વર્ષથી પેન્ડીંગ છે.હવે તે મુદ્દે સુનાવણી થવી જોઇએ અને કેસનો નિકાલ કરવો જોઇએ. કારણકે મુસ્લીમ પક્ષ પણ સુનાવણી માટે તૈયાર છે. સ્વામીએ કહ્યુકે તેઓ આ મામલે અરજી કરશે અને સરકારને નોટિસ આપવા કહેશે.ઉલ્લેખનીય છે કે ભાજપના સાંસદ વિનય કટિયારે પણ કહયું હતું કે પક્ષ દ્વારા રામાયણ મ્યુઝિયમ બનાવવાની વાત લોલીપોપ છે. તેનાથી કંઇ નહીં વળે,પક્ષે હવે તો મંદિરનું નિર્માણ કરવું પડે.

## સંઘે હિન્દુ માન્યતા મુજબ સાંઇબાબામાં પણ ભગવાનનો વાસ છે કહી વિવાદને ઠારવા પ્રયત્ન કર્યો

દ્વારકાની શારદાપીઠના શંકરાચાર્ય સ્વામી સ્વરુપાનંદ સરસ્વતીએ સાંઇબાબાની પુજાનો વિરોધ કરીને આખા દેશમાં વિવાદ સર્જ્યો હતો.આ વિવાદની ચિનગારી હજી ક્યારે સળગી ઉઠે તે કહી શકાય નહી. ત્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે એવું જણાવ્યુ હતું કે હિંદુ માન્યતા મુજબ દરેક માનવીમાં ભગવાનનો વાસ રહેલો છે. તેથી સાઇબાબામાં પણ ભગવાનો વાસ છે.

આરએસએસના મહામંત્રી ભૈયાજી જોશીએ પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યુ હતું કે સાંઇબાબાની પુજા કરવી જોઇએ કે નહીં તે મુદ્દે કોઇ ચર્ચા કે વિવાદમાં ઉતરવું જોઇએ નહીં તેવું સંઘનું માનવું છે.હિંદુ માન્યતા મુજબ દરેક પ્રાણીમાં ભગવાનનો વાસ છે તેથી સાઇબાબામાં પણ ભગવાન છે.અમે આવું ઘણા લાંબા સમયથી કહેતા આવ્યા છીએ.

સંઘની ત્રણ દિવસીયની ઓલ ઈન્ડીયા એક્ઝીક્યુટીવ કાઉન્સીલની બેઠકના અંતે ભૈયાજી જોશીએ કહ્યુ હતું કે સાંઇબાબાના ભક્તોએ નક્કી કરવાનું છે કે તેમણે સાંઇબાબામાં શ્રધ્ધા રાખીને તેમની ઈશ્વર તરીકે પુજા કરવી કે નહીં અને સાંઇબાબાના નામે મંદિરો બાંધવા કે નહીં. શીરડીના સંત સાંઇબાબા ૧૯મી સદીમાં થઇ ગયા હતા.

## ન્યુયોર્ક ખાતે આવેલા સંયુક્ત રાષ્ટ્રનું મુખ્યાલયે દિપોત્સવી પર્વ નિમિત્તે રોશની કરી

ન્યુયોર્ક ખાતે આવેલા સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલયને દિપોત્સવી પર્વ નિમિત્તે રોશનીથી શણગારવામાં આવ્યુ હતું.રોશનીમાં હેપી દિવાળી પર્વ જેવા શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.દિવડા આકારની રોશની ધ્યાન ખેચે તેવી હતી.સંયુક્ત રાષ્ટ્ર ખાતે આવેલા ભારતના રાજદુત સૈયદ અકબરુદીને ટ્વીટ કરીને જણાવ્યુ હતું કે પહેલીજ વાર દિવાળી પર્વ નિમિત્તે સંયુક્ત રાષ્ટ્ર મુખ્યાલય રોશનીથી ઝગમગી રહ્યુ છે.સામાન્ય સભાના પ્રમુખ પીટર થોમસનો તેમણે આવી પહેલ બદલ આભાર માન્યો હતો.૨૦૧૪માં દિવાળીના મહત્વ વિશે ઠરાવ પસાર થયા બાદ પહેલીવાર મુખ્યાલય પર રોશની કરાઇ હતી.


★ **નીલા ફાઇનાન્સ** ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા
‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિધાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.